સુરત મહાનગરપાલિકાની નગર નિયોજન સમિતિની તા.૨૮—૩—૨૦૧૧ ના
રોજ મળેલ સભામાં નીચે મુજબનો ઠરાવ પસાર થયો હતો:—

::::::::::

મ્યુ.કમિશનરશ્રીના તા.૧૫—૩—૧૧ ના પત્ર નં.સીમીસ/૮/૩૦ થી વિદિત થઈ, નગર નિયોજન સમિતિ દ્વારા કરવામાં આવેલ તા.૬—૧૦—૨૦૦૭ ના ઠરાવ નં.૩૮/૨૦૦૭ માં ઉલ્લેખિત નગર રચના યોજના સુરત નં.૭૫ (વેસુ—મગદલ્લા—ગવિયર)ને નગર રચના યોજના સુરત નં.૭૫ (વેસુ—મગદલ્લા—ગવિયર—આભવા) તરીકે નામાભિકરણ કરવાનું તથા ઉકત ઠરાવ મુજબની નગર રચના યોજનાની હદમાં મુખ્ય નગર નિયોજકશ્રી દ્વારા મળેલ સૂચના અન્વયે કરવામાં આવેલ ફેરફાર મુજબની હદ મુકરર કરવાનું, ફાઈલના પત્રવ્યવહાર વિભાગના પાના નં.૩૨૩ પર સામેલ નકશામાં ગુલાબી રંગથી સળંગ રેખામાં દર્શાવેલ વિસ્તારોમાં સૂચિત નગર રચના યોજના, સુરત નં.૭૫ (વેસુ—મગદલ્લા—ગવિયર—આભવા) બનાવવા ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ—૧૯૭૬ની કલમ—૪૧(૨) મુજબ ઈરાદો જાહેર કરવાનું, ઈરાદો જાહેર કરવા અંગે દરખાસ્ત સાથે સામેલ અધિસુચન મંજુર કરવાનું, સદર અધિસુચનને બહોળો ફેલાવો ધરાવતા બે સ્થાનિક દૈનિક વર્તમાન પત્રોમાં એક—એક વખત પ્રસિધ્ધ કરવાનું, ઈરાદો જાહેર કર્યા મુજબ સરકારશ્રીના રાજયપત્રમાં પ્રસિધ્ધ કરવાનું તેમજ મુસદ્દો તૈયાર કરી સરકારશ્રીમાં સાદર કરવાની તમામ કાર્યવાહી કરવા મ્યુ.કમિશનરશ્રીને અધિકૃત કરવાનું ઠરાવવામાં આવે છે.

<u>ઠરાવ નં.૯/૨૦૧૧સર્વાનુમતે મંજુર</u>

નગરનિયોજક

સ.ર.મ્યુ.કમિશનરશ્રી પ્રતિ,

Received On
Dt. ૩૦/૩/૧૧

સેક્રેટરી,
સુરત મહાનગરપાલિકા
તા.૨૮—૩—૧૧.

નં. સીમીસ/ ૮ /૧૪ /૨૩
તા.૩૦/૩/૨૦૧૧
//ભરૂચા//

ઈનવર્ડ નં ૪૩૬
ટી.પી.૭.૬૨૧૫
તારીખ ૩૦/૩/૧૧